RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવની સફળ રજૂઆત... રાજકોટ ઉદેપુર-ઈન્દોર માટેની રોજીંદી ફ્લાઈટ શરૂ... રાજકોટ-દહેરાદુન માટેની રોજીંદી ફ્લાઈટ શરૂ કરવા રજુઆત...

રાજકોટ સૌરાષ્ટ્રનું પાર્ટનગર હોય વેપાર-ઉધોગકારો તથા આમ પ્રજાજનોને વધુ સારી એરલાઈન્સ સુવિધા મળી રહે તે માટે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી હંમેશા પ્રયત્નશીલ રહી છે. રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા રાજકોટ-સૌરાષ્ટ્રના લોકો આસ્થાના પ્રતિક સમાન નાથદ્વારા ધામે અવાર-નવાર જતા હોવાથી ઉદયપુર માટેની ફલાઈટ શરૂ કરવા તથા ઈન્દોર ઈમિટેશન માર્કેટનું હબ હોય લોકો વેપાર માટે જતા હોવાથી ઈન્દોર માટેની ફલાઈટ પણ શરૂ કરવા અગાઉ ધારદાર રજૂઆત કરવામાં આવેલ હતી. જેના ફળ સ્વરૂપે રાજકોટ થી ઉદેપુર અને ઈન્દોર માટેની રોજીંદી ફલાઈટ શરૂ થઈ ગયેલ છે. આમ આ એરલાઈન્સની સુવિધા મળવાથી રાજકોટ-સૌરાષ્ટ્રના મુસાફરોમાં હર્ષની લાગણી છવાયેલ છે.

વધુમાં ધાર્મિક સ્થળ એવા હરિદ્વાર, ઋષિકેશ, ચારધામ, અને પર્યટન સ્થળ જેવા કે મસુરી-દેહરાદુન અને નૈનીતાલ જવા માટે મુસાફરોની સંખ્યા ખુબ જ વધારે રહેતી હોવાથી રાજકોટ-દહેરાદુન માટેની રોજીંદી ફલાઈટ શરૂ કરવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા માનનીય કેન્દ્રીય ઉડ્ડયનમંત્રીશ્રી જયોતિરાદીત્ય સિંધીયા સમક્ષ રજુઆત કરવામાં આવેલ છે. આ રૂટ માટેની ફલાઈટની સેવા પણ ટુંક સમયમાં રાજકોટ-સૌરાષ્ટ્રના મુસાફરોને મળશે તેવી આશા વ્યકત કરેલ છે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.